આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

જીંદગી ડુંગળી જેવી છે. જેમાં એક એક પડ ખુલતાં જવાનું અને પછી રડવાનું
- સિસ્ટર નિવેદિતા

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૨ | ૧૨ જુલાઇ, ૨૦૧૩, શુક્રવાર; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર શહેરના પ્લોટોની ઈ-ટેન્ડરથી હરાજી થશે

શહેરના ૯૮ પ્લોટોની હરાજી માટે તંત્ર દ્વારા હાથ ધરાયેલી કવાયત : એક દસકા બાદ શહેરમાં હરાજી થશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના પ્લોટોની હરાજી માટે ઈ-ટેન્ડરીંગ પ્રથા અમલી બનાવવાની દિશામાં જિલ્લા તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

શહેરમાં વિવિધ પ્લોટોની હરાજી યોજવા માટે સરકારના મહેસુલ વિભાગે આપેલી લીલી ઝંડી બાદ તંત્ર દ્વારા આ અંગેની કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ એક દસકાનો સમય વીતી ગયા બાદ આ પ્લોટોની હરાજીનો તખ્તો તૈયાર કરવામાં આવ્યો હોવાથી તંત્રને તે માટે નવેસરથી કવાયત હાથ ધરવાનો વારો આવ્યો છે. જિલ્લા તંત્રએ પ્રથમ તબક્કે શહેરમાં ૯૮ જેટલા પ્લોટ હરાજીમાં મુકવાનો નિર્ણય લીધો છે.

આ ૯૮ પ્લોટોની ચકાસણી તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. તંત્રએ આ ૯૮ પ્લોટમાં વાણિજ્ય પ્લોટ, રહેઠાણ માટેના પ્લોટ તેમજ સેક્ટરોના કોર્નર પ્લોટ તારવ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ આજે અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાએ આ અંગે એક પ્રાથમિક બેઠક ચીફ ટાઉન પ્લાનર, જિલ્લા ટાઉન પ્લાનર, માર્ગ-મકાન વિભાગ તેમજ જમીન ફાળવણીના મામલતદાર સાથે રાખી યોજી હતી.

જેમાં ઈ-ટેન્ડરીંગથી પ્લોટોની હરાજી યોજવા માટેનો સૈદ્ધાંતિક નિર્ણય સરકારની સૂચનાઓને આધીન રહી લેવામાં આવ્યો હતો. આ માટે કેવી રીતે આગળ વધવુ, પ્લોટોના નકશા પણ તૈયાર કરી ટેન્ડરમાં દર્શાવવા સહિતની વિવિધ બાબતો અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

કયા સેક્ટરોના પ્લોટો છે તેની વિગતો જાણવા મળી શકી નથી પણ રમ્ય હરાજીની પ્રક્રિયા પારદર્શિતાથી થાય તે રીતે હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો અધિકારીઓ દ્વારા મળી રહ્યા છે.

એક તરફ જમીન લે-વેચના બજારમાં મંદીનો માહોલ વધતો જાય છે ત્યારે જ રાજ્ય સરકાર દ્વારા પાટનગરમાં પ્લોટોની હરાજી યોજવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ આ પ્લોટોની હરાજી પ્રક્રિયા તંત્ર દ્વારા મિશન મોડ પર હાથ ધરવામાં આવી છે. જો કે રાજ્ય સરકારના માર્ગ-મકાન વિભાગે તાજેતરમાં જ કરેલા એક પરિપત્ર મુજબ ૧-૪-૨૦૧૩ થી ગાંધીનગર શહેરના નવા બજારભાવ નિયત કરવાની સત્તા કલેક્ટર હસ્તક સુપ્રત કરી છે.

આથી પ્લોટોની હરાજીના તળિયાની કિંમત પણ નવા બજારભાવ નિયત કર્યા બાદ થશે. નવા બજારભાવ નિયત કરતાં પૂર્વે જંત્રીના દર તેમજ બજારભાવની પણ સમીક્ષા કરવામાં આવશે અને આખોય મામલો જમીન મૂલ્યાંકન સમિતિ હસ્તક થશે.

જમીન મૂલ્યાંકન સમિતિની બેઠક આ માસના અંતમાં બોલાવવામાં આવે અને તે પૂર્વે આ બધી સમીક્ષાને અંતે તંત્ર દ્વારા એક વિસ્તૃત અહેવાલ સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે જેના આધારે તળિયાની કિંમત નિયત કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં છેલ્લે વર્ષ ૨૦૦૩માં પ્લોટોની હરાજી યોજવામાં આવી હતી. હરાજીમાં થતી રિંગને અટકાવવા માટે તંત્રએ ઈ-ટેન્ડરીંગ પ્રથાનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.

પ્લોટોની હરાજીની શરતો પણ આ નવી પ્રથાને લઈ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતા નિર્દેશો સાંપડી રહ્યા છે. જો કે આ હરાજી તમામ નાગરિકો માટે ખુલ્લી રહશે તેમ મનાઈ રહ્યું છે.

છેલ્લા એક દસકામાં શહેરમાં થયેલા વિકાસ અને નોલેજ કોરીડોર તરીકે વિકસી રહેલા ગાંધીનગરમાં આ વખતે જમીનના પ્લોટોની હરાજી માટે ઉંચા ભાવ આવશે અને તે પણ એક વિક્રમ બનશે તેમ મનાઈ રહ્યું છે.

પેથાપુર વોટર વર્કસનું વીજ કનેકશન કપાયુ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સીમાડે આવેલ પેથાપુર નગરપાલિકાના વોટર વર્કસનું કનેકશન આજે સાંજે જીઈબી સત્તાવાળાઓ દ્વારા કાપી નાખવામાં આવ્યું છે.

જીઈબીના ચડત બિલની રકમ રૂ. એક કરોડથી પણ વધી જતાં જીઈબી દ્વારા આ આકમક વલણ અખત્યાર કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

પેથાપુરના નગરપતિ શ્રી કનુસિંહ અને શ્રી ગણપતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અમને મળતું માસિક બિલ નિયમિત રીતે ભરપાઈ કરવામાં આવી રહ્યું છે. પરંતુ અમને વારસામાં ભાજપ તરફથી બિલ નહિ ભરવાની નીતિ મળી હતી તેના કારણે નગરપાલિકા માટે આ સ્થિતિ આવી છે.

તેમણે જણાવ્યું છે કે હાલ નગરપાલિકામાં કોંગ્રેસ સત્તા પર હોવાથી કોઈ પણ જાતની નોટીસ આપ્યા વિના જ તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે વેરાવસુલી પર કોંગ્રેસે ધ્યાન કેન્દ્રીત કર્યુ જ છે અને ઘણા રહીશોને અમે નોટીસો પણ આપી છે. આ વેરાવસુલી માટે અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું છે.

વોટર વર્કસનુ કનેકશનના પુનઃ જોડાણ માટે અમે જિલ્લા સત્તાવાળાઓને રજુઆત કરીશું. પેથાપુર નગરપાલિકાનું વોટર વર્કસનું કનેકશન અગાઉ પણ આવી રીતે કાપવામાં આવ્યું હતું જે ઉલ્લેખનીય છે. જો કે જીઈબીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વીજબિલના નાણાં એક કરોડ કરતાં પણ વધુ બાકી નીકળતા હોવાથી અને વારંવાર માંગણું કર્યા પછી પણ ભરપાઈ ના કરાતાં આ કનેકશન કાપવાનો દુઃખદ નિર્ણય લેવો પડયો છે.

જિલ્લાના શેરથામાં પ્રથમ ટીસ્યુ કલ્ચર લેબ

ટીસ્યુ કલ્ચર લેબમાં પ્રતિ વર્ષ ૧૫ લાખ કેળના છોડ ઉત્પન્ન થશે : રૂ. દોઢ કરોડના ખર્ચે સ્થપાયેલી આ લેબ કૃષિ જગતમાં પરિવર્તનના નિર્દેશ આપે છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઈમુ ફાર્મિંગ બાદ હવે ટીસ્યુ કલ્ચર ખેતીનો પ્રારંભ થયો છે અને જિલ્લાની પ્રથમ ટીસ્યુ કલ્ચર લેબ ગાંધીનગર તાલુકાના શેરથા ખાતે સ્થપાઈ છે.

જિલ્લાની આ પ્રથમ ટીસ્યુ કલ્ચર લેબની જિલ્લા કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કે.કે. પટેલ, નાયબ બાગાયત નિયામકની કચેરીના શ્રી જે.આર. પટેલ, શ્રી મયુર પટેલે મુલાકાત લીધી હતી. રૂ. ૧ કરોડ ૫૬ લાખના ખર્ચે સ્થાપવામાં આવેલી આ લેબમાં રાજ્ય સરકારના બાગાયત વિભાગે રૂ. ૬૫ લાખની આર્થિક સહાય આપી છે. ટીસ્યુ કલ્ચર આ લેબમાં કેળનું ઉત્પાદન કરવામાં આવશે.

આ ટીસ્યુ કલ્ચર કેળ લેબમાં પ્રતિવર્ષ ૧૫ લાખ રોપાઓ તૈયાર કરી વિતરણ કરવાનો લક્ષ્યાંક છે. આ પ્રથમ વર્ષ હોવાથી બે લાખ જેટલા રોપાઓનું વિતરણ થશે તેવો અંદાજ છે.

● અનુસંધાન પાના - ૭ પર

પાટનગર એટલે રાજકીય દાવપેચની નગરી તરીકે ઓળખાય એ સ્વાભાવિક છે. આ પાટનગરના પ્રવેશદ્વાર સમા કોબા સર્કલ નજીક જ ભારતીય જનતા પક્ષના કાર્યાલયનું વાસ્તુ એક સાદા સમારોહમાં કરાયું હતું. અષાઢી બીજના વણજોયા મુર્હૂતને લઈ પ્રદેશ પ્રમુખશ્રી કળદુના યજમાનપદે નવચંડી યજ્ઞ પ્રવેશ નિમિત્તે યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય અગ્રણી સાંસદ અને પૂર્વપ્રમુખ શ્રી પુરુષોત્તમ રૂપાલા તેમજ કેટલાક મહત્ત્વના હોદ્દેદારોની હાજરી હતી.

મોદી ઉત્તરપ્રદેશ અને ગુજરાતથી ચૂંટણી લડશે

લખનૌ અને ગાંધીનગર એમ બે જગ્યાએથી ચૂંટણી લડેલા વાજપેયી વડાપ્રધાન બન્યા હતા, મોદી તેમના કદમ ઉપર આગળ વધશે

ગાંધીનગર, તા. ૧૧

લોકસભા-૨૦૧૪મા કોંગ્રેસની સીધી ફાઈટ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે થવાની છે ત્યારે ભાજપ મોદીને બે જગ્યાએથી લોકસભાની ચૂંટણી લડાવે તેવી સંભાવના છે. મોદી ગુજરાત અને ઉત્તર-દેશ એમ બે સ્ટેટમાંથી ચૂંટણી લડી શકે છે.

ભાજપના સિનિયર નેતા અટલ બિહારી વાજપેયી -થમ વખત વડા-ધાન બન્યા ત્યારે તેઓ લખનૌ અને ગાંધીનગર એમ બે મત વિસ્તારમાંથી ચૂંટણી લડ્યા હતા. પાર્ટી મોદીને પણ બે જગ્યાએથી ચૂંટણી લડાવવાનું વિચારી રહી છે. વડા-ધાનના ઉમેદવાર બે જગ્યાએથી ચૂંટણી લડે તો ફાયદો કરાવે છે તેવી માન્યતાને કારણે વાજપેયીની જેમ નરેન્દ્ર મોદીને પણ આ અવસર આપવામાં આવે તેમ છે.

મોદી હાલ ભાજપની ચૂંટણી -ચાર સમિતિના અધ્યક્ષ છે. પાર્ટી તેમને ગમે તે સમયે વડા-ધાનના ઉમેદવાર ઘોષિત કરી શકે છે. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૪મા જનરલ ઈલેકશનમાં મોદીનો યુવા મતદારો ઉપર -ભાવ રહેશે. ઉત્તર-દેશમાં ભાજપને ૫૦થી વધુ બેઠકો મળે તે માટે મોદી લખનૌથી

ચૂંટણી લડી શકે છે. બીજી તરફ ગુજરાતને -તિનિધિત્વ મળે તે માટે તેઓ ગાંધીનગરની બેઠક પસંદ કરે તેમ મનાય છે. વાજપેયીએ તો લખનૌની બેઠક જાળવી રાખી ગાંધીનગરની બેઠક ખાલી કરી હતી. લોકસભાની ચૂંટણી જીત્યા પછી ક્યા રાજયની બેઠક ખાલી કરવી તે નરેન્દ્ર મોદી માટે પણ મોટો પ્રશ્ન હશે.

ઉત્તર-દેશમાં મોદીના સાથી અમિત શાહ ઉપર પાર્ટીનો સંપૂર્ણ મદાર છે. લોકસભામાં ઉત્તર-દેશનું સ્થાન બહુ જ મહત્વનું માનવામાં આવે છે. ઉત્તર-દેશે સૌથી વધુ વડા-ધાન આપ્યા છે. ભાજપની સરકારમાં વડા-ધાન બનેલા વાજપેયી પણ ઉત્તર-દેશનું -તિનિધિત્વ કરતા હતા. મોદી પણ આ રાજયનું -તિનિધિત્વ કરશે. તેઓ વાજપેયીના નકશેકદમ પર ચાલી રહ્યાં છે ત્યારે તેઓ બે જગ્યાએથી ચૂંટણી લડે તેવી શક્યતાને જરાય નકારી શકાય તેમ નથી.

ભાજપે લોકસભાની ચૂંટણીમાં સુશાસન અને વિકાસને -ધાન્ય આપ્યું છે. ભાજપ એવું માને છે કે ગુજરાત એ દેશનું મોડેલ બની શકે છે. મોદી પાસે રાજય ચલાવવાનું વિઝન છે, તેથી તે દેશ ચલાવવા કેપેબલ છે તેવું માનતા ભાજપના રાષ્ટ્રીય નેતાઓની સંખ્યા ભલે ઓછી હોય પણ આવનારા દિવસોમાં ચૂંટણી નજીક આવતા પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ મતભેદ દૂર કરીને ચૂંટણીના કામમાં પરોવાઈ જશે તેવું -દેશના એક નેતાએ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે મોદી બે જગ્યાએથી ચૂંટણી લડે તેમાં કંઈ ખોટું નથી.

ગાંધીનગર મેડીકલ કોલેજને બીજા વર્ષના અભ્યાસક્રમ માટે મંજૂરી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર મેડીકલ કોલેજને બીજા વર્ષના અભ્યાસક્રમ માટેની મંજૂરી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા આપી દેવામાં આવી છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા આ મંજૂરી આપતાં પહેલાં બે વાર ઈન્સ્પેકશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સ્ટાફ પેટર્ન અને ભરતીને લઈ મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા એક તબક્કે મંજુરી અટકાવી દેવામાં આવી હતી.

આ પછી ગત પખવાડિયે પુનઃ બે સભ્યોની ટીમ દ્વારા ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જેમાં હેડ કાઉન્ટીંગ દ્વારા વેરીફીકેશનની સમગ્ર પ્રક્રિયા કરવામાં આવી હતી અને તે અંગે ઈન્સ્પેકશન ટીમે સંતોષકારક પગલાં લેવાયાનું જણાતાં આજે મળેલ કાઉન્સીલની બેઠકમાં મંજૂરી આપવાનો નિર્ણય લઈ લેવામાં આવ્યો હતો.

૧૫૦ બેઠકોની ક્ષમતા ધરાવતી ગાંધીનગર મેડીકલ કોલેજને મંજૂરી પૂર્વે પણ સ્ટાફપેટર્ન અને ભરતીના મુદ્દે તત્કાલીન ડીન ડૉ. એસ.વી. પટેલને નોટીસ મેડીકલ કાઉન્સીલે આપી હતી. જો કે આ પછી મામલો થાળે પડી ગયો હતો.

● અનુસંધાન પાના - ૭ પર

કુટિર મેળો
હેન્ડલુમ - હેન્ડીક્રાફ્ટ
પ્રદર્શન અને વેચાણ
અમદાવાદ હાટ
ખાડિયા

ઓફિસ માટે ફુલટાઈમ જરૂર છે
(FOR FEMALE /માત્ર મહિલા ઉમેદવાર માટે જ)
લાયકાત : ગ્રેજ્યુએટ, ઉંમર : ૨૫ થી ૩૫ વર્ષ
સંપૂર્ણ Bio-Data સાથે તા. 13-07-2013 (સાનિવાર)ના સવારના 10 થી 11 ના સમય દરમિયાન ફુલટ્રાઈ નીચેના સરનામે મળવું
અપેક્ષિત પગાર માસિક રૂ. 10000/- + (ફુલટાઈમ માટે-ગાંધીનગર)
TCCI Edu. Pvt. Ltd.
Mobile : 95376-14606, 95376-14607

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

સંભવિત જુલાઈ - ઓગસ્ટ-2013
PSI 500 જગ્યાઓ 4 મહિનાનો કોર્સ સંપૂર્ણ નાણાંકીય FREE ₹ 18,000/-
કોન્સ્ટેબલ 4500 જગ્યાઓ 3 મહિનાનો કોર્સ સંપૂર્ણ નાણાંકીય FREE ₹ 11,000/-
TCCI EDUCATION PVT. LTD.
કુલ જગ્યા 13500+
GPSC સંભવિત જગ્યાઓ 1350+ Dy.SP/ DC / SO / TDO / મામલતદાર
હોસ્ટેલ ફેસીલીટી ઉપલબ્ધ છે